RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 16, Issue : 11, Dt.21-4-2025 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સપ્તાહના પ્રારંભે જ શેરબજારમાં ૧૦૦૦ પોઈન્ટનો ઉછાળો

## સેન્સેકસ ૭૯૦૦૦ તો નિફટી ૨૪૦૦૦ ને પારઃ શેરબજારમાં સળંગ પાંચમા દિવસે લાવ લાવઃ મંદીના કડાકા બાદ ટેરિફ-ટ્રેડ ઘટનાક્રમથી ફરી તેજીની રોનક

**મુખ્ય સમાચાર,મુંબઈ**

ભારતીય શેરબજારમાં ઉછાળો ચાલુ છે. ગયા અઠવાડિયે ઝડપી વધારા પછી, સોમવારે પણ બંને સૂચકાંકો ગ્રીન ઝોનમાં ખુલ્યા. બોમ્બે સ્ટોક એક્સચેન્જનો 30 શેરનો સેન્સેક્સ ૫૦૦ પોઈન્ટના ઉછાળા સાથે ૭૮,૯૦૩.૦૯ પર ખુલ્યો અને થોડા જ સમયમાં તે ૬૦૦ પોઈન્ટથી વધુ વધ્યો, જ્યારે બીજી તરફ, નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી પણ ૨૩,૯૪૯.૧૫ પર વધારા સાથે ટ્રેડિંગ શરૂ કર્યું. શરૂઆતના વેપાર દરમિયાન, બેંકિંગ અને આઈટી શેરોમાં તીવ્ર તેજી જોવા મળી અને HDFC બેંકથી લઈને જઈઈ સુધીના શેરોમાં તેજી જોવા મળી. આ સાથે, ટેક મહિન્દ્રા અને ઈન્ફોસિસે પણ મજબૂત શરૂઆત કરી. આ લખાય છે, ત્યારે સેન્સેકસ ૬૪૯ તો નીફટી ૧૮૭ પોઈન્ટ અપ છે.

શેરબજારમાં ટ્રેડિંગ શરૂ થતાંની સાથે જ સેન્સેક્સ તેના અગાઉના બંધની સરખામણીમાં ઉછાળા સાથે ૭૮,૯૦૩.૦૯ પર ખુલ્યો અને થોડા જ સમયમાં તે ૬૩૩ પોઈન્ટના વધારા સાથે ૭૯,૨૦૦ ના સ્તરથી ઉપર ટ્રેડ થતો જોવા મળ્યો. એ જ રીતે, નિફ્ટી ઈન્ડેક્સ તેના અગાઉના બંધ ૨૩,૮૫૧ ની સરખામણીમાં ૨૩,૯૪૯.૧૫ પર ખુલ્યો અને ત્યારબાદ સેન્સેક્સની સાથે તેજીમાં વધારો કરવાનું ચાલુ રાખ્યું. ટૂંકા ગાળાના કારોબાર દરમિયાન નિફ્ટીએ પણ ૨૪,૦૦૪ ના સ્તરને સ્પર્શ કર્યો.

ગયા સપ્તાહના ગુરુવારે, પાછલા ટ્રેડિંગ દિવસે, સેન્સેક્સ-નિફ્ટી પણ મજબૂત વધારા સાથે બંધ થયા હતા. બીએસઈ સેન્સેક્સ ૧૫૦૯ પોઈન્ટ વધીને ૭૮,૫૫૩ પર અને એનએસઈ નિફ્ટી ઈન્ડેક્સ ૪૧૪ પોઈન્ટ વધીને ૨૩,૮૫૧ પર બંધ થયો. તમને જણાવી દઈએ કે ગયા સપ્તાહના ત્રણ ટ્રેડિંગ દિવસોમાં, BSE સેન્સેક્સમાં ૩,૩૯૫.૯૪ પોઈન્ટ અથવા ૪.૫૧% નો વધારો નોંધાયો હતો, જ્યારે NSE નિફ્ટીમાં ૧૦૨૩.૧૦ પોઈન્ટ અથવા ૪.૪૮% નો વધારો થયો હતો.

ગયા અઠવાડિયે, શેરબજારમાં તેજી વચ્ચે, સેન્સેક્સની ટોચની ૧૦ કંપનીઓની સંયુક્ત બજાર મૂડીમાં રૂ. ૩.૮૪ લાખ કરોડનો વધારો થયો અને તેના રોકાણકારોએ જંગી નફો કર્યો. HDFC બેંકની બજાર મૂડી માત્ર ૩ દિવસના ટ્રેડિંગમાં ૭૬,૪૮૩.૯૫ કરોડ રૂપિયા વધીને ૧૪,૫૮,૯૩૪.૩૨ કરોડ રૂપિયા થઈ ગઈ. તે જ સમયે, ટેલિકોમ જાયન્ટ ભારતી એરટેલના બજાર મૂલ્યમાં ૭૫,૨૧૦.૭૭ કરોડ રૂપિયાનો વધારો થયો. મુકેશ અંબાણીની આગેવાની હેઠળની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનું બજાર મૂલ્ય ૭૪,૭૬૬.૩૬ કરોડ રૂપિયા વધ્યું.

શેરબજારમાં શરૂઆતના વેપાર દરમિયાન, સૌથી મોટા કેપ શેર જે ઉચ્ચતમ સ્તરે ટ્રેડ થઈ રહ્યા હતા તેમાં ટેક મહિન્દ્રા શેર (૩.૫૪%), ઈન્ફોસિસ શેર (૨.૮૦%), એક્સિસ બેંક શેર (૨.૫૪), HDFC બેંક શેર (૨.૨૦%), SBI શેર (૨.૧૦%), ઈન્ડસઈન્ડ બેંક શેર (૧.૯૦%) હતા.



મિડકેપ કંપનીઓમાં, યસ બેંક શેર (૪.૩૭%), સુઝલોન શેર (૩.૨૯%), એયુ બેંક શેર (૩.૧૦%) અને પેટીએમ શેર (૨.૬૦%) તેજી સાથે ટ્રેડ થઈ રહ્યા હતા.

હવે વાત કરીએ સ્મોલકેપ કંપનીઓના શેરની, તો તમને જણાવી દઈએ કે તેમાં સમાવિષ્ટ ડેક્કન ગોલ્ડ માઈન્સનો શેર ૧૫.૪૭% ના વધારા સાથે ટ્રેડ થઈ રહ્યો હતો. આ ઉપરાંત, પ્રાઈમો કેમિકલ્સના શેરમાં ૯ ટકાનો ઉછાળો આવ્યો. જસ્ટડાયલ શેર (૭.૨૦%), આઈનોક્સવિન્ડ શેર (૫.૭૨%), શિલ્કટેક શેર (૫%) અને સેન્કો ગોલ્ડ શેર (૫%) તેજી સાથે ટ્રેડ થઈ રહ્યા હતા. શેરબજારમાં મંદીના કડાકા બાદ ટેરિફ-ટ્રેડ ઘટનાક્રમથી ફરી તેજીની રોનક આવી છે. અને સડસડાટ કરતુ ઉંચે ચડી રહ્યું છે. આજે સળંગ પાંચમા દિવસે તેજીની આંધી ફુંકાઈ હતી.

મોટાભાગનાં શેરોમાં ઉછાળા વચ્ચે સેન્સેકસ ૭૯૦૦૦ ને પાર થયો હતો.૫૪૦ પોઈન્ટના ઉછાળાથી ૭૯૦૯૩ સાંપડયો હતો તે ઉંચામાં ૭૯૦૬૦ તથા નીચામાં ૭૮૭૭૬ થયો હતો.

નેશનલ સ્ટોક એકસચેંજનો નીફટી ૧૭૭ પોઈન્ટ ઉછાળાથી ૨૪૦૨૮ હતો તે ઉંચામાં ૨૪૦૬૧ તથા નીચામાં ૨૩૯૦૩ હતો.ડોલર સામે રૂપિયો પણ ૨૪ પૈસા ઉંચકાઈને ૮૫.૧૩ થયો હતો. શેરબજારમાં સાર્વત્રિક સુધારાના માહોલના પગલે રોકાણકારોની મૂડીમાં આજે ૭.૦૬ લાખ કરોડનો વધારો થયો છે. બીએસઈ માર્કેટ કેપ ગુરૂવારે ૪૧૯.૦૬ લાખ કરોડ સામે આજે વધી રૂ. ૪૨૬.૧૨ લાખ કરોડ થયું છે. ૩૩૨ શેરમાં અપર સર્કિટ વાગી છે. ૧૦૦ શેર વર્ષની ટોચે પહોંચ્યા છે.

## લુગુ પહાડની તળેટીમાં સીઆરએફની ટીમની નકસલીઓ વચ્ચેની અથડામણમાં ૮ નકસલીઓ ઠાર

■ વહેલી સવારે ૪ વાગ્યે સુરક્ષા દળોએ અભિયાન હાથ ધરેલું



**મુખ્ય સમાચાર,બોકારો**

જિલ્લામાં લુગુ પહાડની તળેટીમાં પોલીસ અને સીઆરએફની ટીમની નકસલીઓ વચ્ચેની અથડામણમાં ૮ નકસલીઓ ઠાર થયા હતા. જેમાં એક કરોડનો ઈનામી માઓઈસ્ટ વિવેક પણ માર્યો ગયો હતો. સવારે ૪ વાગ્યાથી અથડામણ શરૂ થઈ હતી.સુરક્ષા દળોમાં તેમની આગેવાનીમાં કોલસા ક્ષેત્રના ડીઆઈજી સુરેન્દ્રકુમાર ઝા, એસ.પી. મનોજ સ્વર્ગિયાટી સહિત અન્ય અધિકારીઓએ નકસલીઓ સામે ઓપરેશન હાથ ધર્યુ હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ૨૦૯ કમાન્ડો બટાલિયન ફોર રિઝોલ્યુટ એકશન (કોબરા)ના જવાનો એ અભિયાન ચલાવ્યું છે. જેમાં ૮ નકસલી ઠાર થયા છે અને બે ઈંસાસ રાયફલ, એક સેલ્ફ લોડીંગ રાયફલ (એસએલઆર) અને એક પિસ્તોલ જપ્ત કરવામાં આવી છે. સુરક્ષાકર્મીઓમાં કોઈ ઘાયલ થયાના ખબર નથી. કોબરા સીઆરપીએફ જંગલનું ખાસ એકમ છે. ગ્રામીણોના જણાવ્યા અનુસાર સવારે ૪ વાગ્યાથી જ લુગુ પહાડની તળેટની ચોટગાંવા મુંડાટોળી પાસે ગોળીઓની તડતડ અવાજ સંભળાતા આંખ ખુલી હતી. બહાર આવીને જોયું તો મોટી સંખ્યામાં પોલીસ દળ આસપાસના વિસ્તારોમાં મોજૂદ હતું. આસપાસની વિસ્તારોમાં પોલીસે સઘન તપાસ અભિયાન શરુ કરી દીધું છે. સવારે ૪ વાગ્યે જ સુરક્ષા દળોએ નકસલીઓ વિરુદ્ધ અભિયાન શરૂ કરી દીધું હતું.

## વક્ફ કાયદા બાદ યુસીસીની તૈયારી

### મોદી સરકારના ત્રીજા કાર્યકાળના નિર્ણયોનો ઉલ્લેખ : યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવાની દિશામાં ભાજપનો મજબૂત સંકેત

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

મોદી સરકારના ત્રીજા કાર્યકાળમાં લેવાયેલા વિવિધ નિર્ણયોનો ઉલ્લેખ કરતા ભાજપે યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) લાગુ કરવાની દિશામાં મજબૂત સંકેત આપ્યા છે. ભાજપે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પએક્સથ પર એક વીડિયો પોસ્ટ કરીને જણાવ્યું છે કે આ તો માત્ર શરૂઆત છે.

ભાજપે રવિવારે પએક્સથ પર એક વીડિયો શેર કર્યો હતો. આ વીડિયો દ્વારા ભાજપે સ્પષ્ટ કર્યું છે કે હવે યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) લાગુ કરવાનો વારો છે. વીડિયોમાં ભાજપે મોદી સરકારના ત્રીજા કાર્યકાળના નિર્ણયો અને સિદ્ધિઓનો ઉલ્લેખ કર્યો છે. જેમાં સંસદમાંથી વક્ફ બિલ પસાર થવું, ૨૬/૧૧ના આરોપી તહવ્વર રાણાને અમેરિકાથી ભારત લાવવો, જમીન મામલે રોબર્ટ વાડ્રાની પૂછપરછ વગેરેનો સમાવેશ થાય છે. પોસ્ટમાં ભાજપે જણાવ્યું છે કે આ તો માત્ર શરૂઆત છે.

એક મિનિટ અને છ સેકન્ડના આ વીડિયોની શરૂઆતમાં કહેવામાં આવ્યું છે કે વિપક્ષનું કહેવું હતું કે મોદી ૩.૦નો કાર્યકાળ નબળો રહેશે. લોકસભા ચૂંટણીના પરિણામો બાદ ભાજપને પૂર્ણ બહુમતી ન મળવા પર વિપક્ષની પ્રતિક્રિયા પણ વીડિયોમાં દર્શાવવામાં આવી છે. વીડિયોમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે કહે છે કે મોદી સરકારને જનમત નથી અને આ સરકાર ગમે ત્યારે પડી શકે છે. ત્યારબાદ વડાપ્રધાન મોદીની એન્ટ્રી થાય છે અને પછી મોદી સરકારના ત્રીજા કાર્યકાળની વિવિધ સિદ્ધિઓનો ઉલ્લેખ કરવામાં આવે છે.



વીડિયોમાં નેશનલ હેરાલ્ડ કેસમાં રાહુલ અને સોનિયા ગાંધી વિરુદ્ધ ચાર્જશીટ, મેહુલ ચોકસીની બેલ્જિયમમાં ધરપકડ, તહવ્વુર રાણાને ભારત લાવવો, રોબર્ટ વાડ્રાની પૂછપરછ અને વક્ફ સુધારા કાયદો બનવો દર્શાવવામાં આવ્યું છે. હરિયાણા, દિલ્હી અને મહારાષ્ટ્રમાં ભાજપની જીતનો પણ ઉલ્લેખ છે.

વીડિયોના અંતમાં જણાવવામાં આવ્યું છે કે હવે યુનિફોર્મ સિવિલ કોડનો વારો છે. સ્ક્રીન પર નટ્ટયુનિફોર્મ સિવિલ કોડ લોડિંગસ્રસ્ર લખેલું દેખાય છે. આ વીડિયોથી સ્પષ્ટ થાય છે કે ભાજપ હવે યુસીસી લાવી શકે છે. ઉત્તરાખંડની ભાજપ સરકારે થોડા સમય પહેલા જ તેને પોતાના રાજ્યમાં લાગુ કર્યું છે. વીડિયોના કેપ્શનમાં લખવામાં આવ્યું છે, નટ્ટમોદી ૩.૦ના મોટા નિર્ણયો. સફર તો હજુ શરૂ થઈ છે.

## શેરબજારમાં જોખમી ટ્રેડીંગ કરવા માટે પરીક્ષા આપવાની જોગવાઈ દાખલ કરવાના ચક્રો ગતિમાન

**મુખ્ય સમાચાર,મુંબઈ**

શેરબજારમાં નવા-નાના ઈન્વેસ્ટરો દ્વારા ડેરિવેટીવ્હમાં થતી સટ્ટાખોરી સામે વખતોવખત લાલબતી ધરવામાં આવે છે ત્યારે આ જોખમી ટ્રેડીંગ કરવા માટે પરીક્ષા આપવાની જોગવાઈ દાખલ કરવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

શેરબજાર નિયમનકાર સેબીને એવુ સુચન કરવામાં આવ્યું છે કે, જોખમી ડેરીવેટીવ્ઝ ટ્રેડીંગ કરવા માંગતા ઈન્વેસ્ટરો માટે પરીક્ષા પદ્ધતિ દાખલ કરવામાં આવે. સિંગાપોર, હોંગકોંગ તથા યુરોપીયન યુનિયનમાં આ પદ્ધતિ છે અને તે ધોરણે ભારતમાં પણ તેનો અમલ કરવામાં આવે. સેબીએ ગત મહિને ફયચુર ટ્રેડીંગ માટેના નિયમોમાં બદલાવ સુચવતુ કન્સલ્ટેશન પેપર જારી કર્યું હતું તે પછી સેબીને આ સુચન કરવામાં આવ્યુ હતું.

સુત્રોએ કહ્યું કે, રીટેઈલ ઈન્વેસ્ટરોનાં હિતનાં નામે સમગ્ર માર્કેટને આકરા કાયદાથી ફટકો પડતો રોકવા માટે આ સૂચન કરવામાં આવ્યું છે.પર્યાપ્ત તાલીમ મેળવીને ઈન્વેસ્ટરો પરીક્ષા પાસ કરે અને પછી ડેરીવેટીવ્ઝ ટ્રેડીંગમાં ઝંપલાવવાનું સુરક્ષિત હશે તેમ માનવામાં આવે છે.

જાણકારોનાં કહેવા પ્રમાણે સેબીના સુચિત નિયમોથી માર્કેટમાં મોટો ઘટાડો થઈ શકે છે.રીટેઈલ ઈન્વેસ્ટરોને બચાવવાનો જ ટારગેટ હોય તો આ વર્ગ માટે જ પરીક્ષા જેવો નિયમ દાખલ કરીને બચાવી શકાય છે. આ માટે માર્કેટમાં નવી પ્રોડકટ પણ દાખલ કરી શકાય.

આ ઉપરાંત એકસપાયરી માટે અઠવાડીયામાં એક કે બે દિવસ જ રાખવાની તેની આગળના દિવસોમાં વોલાટીલીટી વધવાનો ભય પણ સેબી સમક્ષ વ્યકત થયો છે.આ દિવસોમાં રીસ્ક મેનેજમેન્ટ માટે બ્રોકરોએ વધુ કાળજી રાખવી પડશે.અને તેઓનો ખર્ચ પણ વધશે સાથોસાથ જંગી ખર્ચને કારણે બ્રોકરો વચ્ચેની સ્પર્ધા પણ ધીમી પડશે કારણ કે તમામ બ્રોકરો જંગી ખર્ચ કરવા તૈયાર નહિ થાય કે તેઓની એટલી ક્ષમતા નહીં હોય.

સેબીના એકસપાયરી સંબંધી સૂચિત નિયમો સામે પણ શેરબ્રોકરો દ્વારા અનેકવિધ સૂચનો કરવામાં આવ્યા છે. અને તર્ક-દલીલ પેશ કરવામાં આવ્યા છે.



ભારતના કેપિટલ માર્કેટ્સમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન રીટેલ રોકાણકારોની ઉલ્લેખનીય ભાગીદારી થઈ છે આ દરમિયાન નેશનલ સ્ટોક એકસચેન્જ (એનએસઈ)માં ૮૪ લાખથી વધુ નવા સક્રિટ ડીમેટ ખાતા જોડવામાં આવ્યા છે. આ આંકડા વાર્ષિક આધાર પર ૨૦.૫ ટકાથી વધુ છે. આ સાથે જ એનએસઈ પર કુલ સક્રિય ડિમેટ ખાતા વધીને ૪.૯૨ કરોડ થઈ ગયા છે. આ વૃદ્ધિમાં સૌથી આગળ બે ડિઝીટલ બ્રોકરે જ કંપનીઓ ગ્રે અને એન્જલ વન છે. તેની કુલ શુધ્ધ વૃધ્ધિમાં ૫૭ ટકાથી વધુ ભાગીદારી રહી હતી. ગ્રો સૌથી વધુ યોગદાનકર્તા તરીકે ઉભરી જેણે ૩૪ લાખ નવા ખાતા જોડયા.

## જમ્મુ-કાશ્મીરનાં રામબનમાં વાદળ ફાટતા હજુ હાઈવે બંધ

**મુખ્ય સમાચાર,શ્રીનગર**

જમ્મુ-કાશ્મીરનાં રામનમાં વાદળ ફાટતા ભારે વરસાદને કારણે ભારે તબાહી સર્જાઈ છે. જાનમાલને વ્યાપક નુકશાન થયુ છે.રાહત-બચાવ કામગીરી માટે સૈન્ય જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે.



દેશમાં ભરઉનાળે ઉતર ભારતનાં પર્વતીય રાજયોમાં હવામાન પલટા સાથે ભારે વરસાદ તથા આંધીનું તાંડવ રહ્યું છે. બે દિવસ હિમાચલ પ્રદેશમાં ભારે ખાનાખરાબી સર્જાયા બાદ કાશ્મીરનો વારો નીકળ્યો હતો.રાજયનાં અનેક ભાગોમાં ભારે વરસાદ આંધી તથા ભુસ્ખલનની શ્રેણીબધ્ધ ઘટના બની હતી.

ખાસ કરીને રામબનમાં તબાહી હતી. વરસાદનાં પુરના પાણીમાં તણાઈ જતા કે કાટમાળ હેઠળ દબાઈ જતાં ત્રણ લોકોના મોત નીપજયા હતા. સમગ્ર વિસ્તારમાં પુર સ્થિતિ સર્જાતા નાસભાગ અને અફડાતફડીનો માહોલ રહ્યો હતો.

કુદરતી દુર્ઘટનાને પગલે સ્થાનિક બચાવ ટીમો ઉપરાંત સૈન્ય જવાનોને પણ મદદ માટે તૈનાત કરવામાં આવ્યા હતા. બદલાયેલા હવામાન વચ્ચે જમ્મુ-શ્રીનગર હાઈવે પર પણ અર્ધો ડઝન સ્થળોએ ભુસ્ખલન થયા હતા જેના પગલે હાઈવે પર વાહન વ્યવહાર બંધ થઈ ગયો હતો અને સેંકડો લોકો ફસાયા હતા. ગુજરાત સહીતનાં રાજયોનાં પ્રવાસીઓ પણ ફસાયા હતા. રાજય સરકારે તાત્કાલીક ફસાયેલા લોકોને સુરક્ષીત સ્થળોએ પહોંચાડવાના આદેશો જારી કર્યા હતા.

## ભવિષ્યમાં પ્રવાસી ભારતીયોને ઈલેકટ્રોનીક પોસ્ટલ બેલેટથી મતદાન કરવાનો અધિકાર મળી શકે છે

### હાલની એનઆરઆઈ માટેની મતદાન વ્યવસ્થા અતિ ખર્ચાળઃ દેશમાં આવવું પડે છે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કેન્દ્ર સરકાર જો વિદેશ મંત્રાલયની સ્થાયી સમીતીની ભલામણો સ્વીકારી લે છે તો ભવિષ્યમાં પ્રવાસી ભારતીયો (એનઆરઆઈ)ને ઈલેકટ્રોનીક પોસ્ટલ બેલેટથી મતદાન કરવાનો અધિકાર મળી શકે છે.

તેના માટે પહેલા જન પ્રતિનિધિત્ કાનૂનમાં સંશોધન કરવું પડશે. ખરેખર તો હાલમાં સમીતી દ્વારા કરાયેલી ભલામણો બાદ વિદેશ મંત્રાલય આ મુદાને કાનૂન તેમજ ન્યાય મંત્રાલય સમક્ષ ઉઠાવી શકે છે. સમિતિના હાલમાં સંસદમાં રજુ થયેલા રિપોર્ટમાં કહેવામા આવ્યું છે કે ૪ એપ્રિલે યોજાયેલી સમીતીની બેઠકમાં આ મુદા પર ઉંડી ચર્ચા થઈ હતી.

જેમાં વિદેશ મંત્રાલયના સચીવે કહ્યું હતું કે, આ મુદાને કાનૂન મંત્રાલય સમક્ષ અગાઉ ઉઠાવાયો હતો, ત્યારથી આ મામલો પેન્ડીંગ છે. સચીવના અનુસાર ત્યારે એ પ્રસ્તાવ હતો કે વિદેશોમાં સ્થિત ભારતીય દૂતાવાસોમાં મતદાન કેન્દ્રોની સ્થાપના કરવામાં આવે જેથી ચૂંટણીના દિવસોમાં ત્યાં પ્રવાસી ભારતીય પોતાનો વોટ આપી શકે, જો કે, વિદેશ મંત્રાલયનું માનવું હતું કે બિન લોકશાહી દેશો આ પ્રક્રિયા પર વાંધો ઉઠાવી શકે છે.

હાલની વ્યવસ્થા બેહદ ખર્ચાળઃ કેન્દ્ર સરકારે ૨૦૨૦માં જન પ્રતિનિધિ કાયદામાં સંશોધન કરીને વિદેશમાં રહેતા ભારતીયોના ઓવરસીઝ વોટર તરીકે



રજીસ્ટ્રેશનની સુવિધા પ્રદાન કરી હતી. પરંતુ તેમાં મતદાતાએ મતદાન માટે ભારત આવવું પડતું હતું.

આ પ્રક્રિયા ખૂબ જ ખર્ચાળ હોઈ પ્રવાસી ભારતીયોએ તેનો કોઈ રસ નહોતો દાખવ્યો. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી દરમિયાન ૧,૧૯,૩૭૪ લોકો ઓવરસીઝ મતદાતા તરીકે રજીસ્ટર્ડ હતા. જેમાંથી માત્ર ૨૯૫૮ લોકો જ મતદાન માટે આવેલા. જેમાં યુપી, કર્ણાટક, તામિલનાડુ જેવા રાજયોમાં કોઈ વોટ દેવા નહોતા આવ્યા.

## મોટા ટ્રાન્સપોર્ટ એકમો પાસેથી રૂા.૧૦૪૧ કરોડ ની પેનલ્ટી બાકી

### ૧૬૫૪ પેન્ડીંગ ઓડીટ કવેરી – ૪૧૦ ઓડીટ રિપોર્ટ છતા ટ્રાન્સપોર્ટર પર વાહનવ્યવહાર વિભાગ પગલા લેતુ નથી

**મુખ્ય સમાચાર,ગાંધીનગર**

ગુજરાતમાં એક તરફ ધમધોખતા તાપમાં પણ ટ્રાફિક પોલીસ હેલ્મેટ નહી પહેરતા કે પછી સામાન્ય ટ્રાફિક નિયમોનો ભંગ કરતા નાગરિક પાસેથી સ્થળ પર જ દંડ વસુલે છે પણ બીજી તરફ રાજયના વાહન વ્યવહાર વિભાગના ઉચ્ચ અધિકારીઓ મોટર વ્હીકલ એકટના નિયમોનો ભંગ કરનાર મોટા ટ્રાન્સપોર્ટ એકમો પાસેથી રૂા.૧૦૪૧ કરોડનો નિશ્ચિત થયેલી પેનલ્ટી પણ વસુલ કરી નથી.

આ પેનલ્ટી બીજા કોઈ નહી કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડીટર જનરલ (કેગ) અને ગુજરાત સરકારની જ ધારાસભા મારફત બનતી જાહેર હિસાબ સમીતી સમક્ષ પણ જૂઠાણા આ વિભાગે ચલાવ્યા હતા. હાલમાં જ રજુ થયેલો કેગ રિપોર્ટ જે ભાગ્યે જ વિધાનસભામાં ચર્ચામાં આવે છે.

સરકારના ભ્રષ્ટાચારથી લઈને ગેરવ્યવસ્થા છુપાઈ જ રહે છે. તેમાં આ ઘટસ્ફોટ થયો છે. તા.૩૦ જૂન ૨૦૧૨ના કેગના રિપોર્ટમાં ૧૬૫૪ પેન્ડીંગ ઓડીટ નિરિક્ષણો અને ૪૧૦ ઓડીટ રિપોર્ટનો ઉલ્લેખ કરીને વાહન ટેક્ષમાં જે વ્યાપક ગેરરીતિ વાહનવ્યવહાર વિભાગના મારફત થઈ હતી તેમાં રૂા.૧૦૯૧.૭૪ કરોડ વસુલવા માટે આદેશ અપાયો હતો. પણ એક દશકાથી વધુ સમયથી ટ્રાન્સપોર્ટ વિભાગે ગત વર્ષે સપ્ટેમ્બર ૨૦૨૪માં જવાબ આપ્યો પણ શા માટે આ વસુલાત થઈ નથી.




તેનો સીધો જવાબ આપ્યો ન હતો. આ બાદ જાહેર હિસાબ સમીતીએ એક નહી બે-બે વખત આ માટે જવાબદાર અધિકારીઓ સામે કામ લેવા આદેશ આપ્યો હતો પણ હજું સુધી કોઈ પગલા લેવાયા નથી. આમ વિધાનસભાની કમીટીને પણ અધિકારીઓ ઘોળીને પી ગયા છે.

હવે જાહેર હિસાબ સમીતીએ આ પ્રકારની સ્થિતિમાં કામ લેવા કોઈ યોગ્ય કાર્યપ્રણાલી ગોઠવવા સૂચના આપી છે અને તેનો જવાબ કે શું પગલા લેવાયા છે કે લેવાઈ રહ્યા છે તે પણ જાહેર કરવાની વાહન વ્યવહાર વિભાગે પરવા કરી નથી.

# આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલે જામનગરની જી.જી. હોસ્પીટલની મુલાકાત લીધી

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જિલ્લાના પ્રભારીમંત્રી મુળુભાઈ બેરા સહિતના પદાધીકારીશ્રીઓની ઉપસ્થિતિ હાલ ૧૭૦૦ બેડની સુવિધા વધીને ૨૨૦૦ બેડની થશે સાથે જ આગામી સમયમાં કેન્સર હોસ્પિટલનું નિર્માણ અને યુરોલોજી વિભાગને પણ વિકસિત કરવાનું આયોજન મંત્રી, ગુજરાત રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ તેમજ તબીબી શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલે જામનગરની ગુરુ ગોવિંદસિંઘ હોસ્પીટલની મુલાકાત લીધી હતી. તેઓએ જીજી હોસ્પિટલ ખાતેના ટ્રોમા વોર્ડ, ૨૦૦ બેડ હોસ્પિટલ. એમ.પી.શાહ મેડીકલ કોલેજ, ૭૦૦ બેડની હોસ્પિટલની મુલાકાત લઇ આરોગ્ય વિષયક સુવિધાઓ અંગે માહિતી મેળવી જરૂરી સૂચનો કર્યા હતા. તેમજ હોસ્પીટલમાં સારવાર લઈ રહેલ દર્દીઓ સાથે મંત્રીએ સંવાદ કર્યો હતો.આ મુલાકાત દરમિયાન આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું કે, તેમણે ગુરુ ગોવિંદસિંઘ સરકારી હોસ્પિટલની મુલાકાત લઈને અહીં અપાતી આરોગ્ય સુવિધાઓ, સારવારની ગુણવતા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, મેડિકલ ઈક્વિપમેન્ટ, દવાઓનો જથ્થો, રાજ્ય અને ભારત સરકારના હેલ્થ પ્રોગ્રામ, આગામી સમયમાં પ્રગતિમાં આવનાર વિકાસ કામો અને પાયાની તમામ બાબતોની સમીક્ષા કરી છે.નાગરિકોની કોઈ ફરિયાદ હોય તો દૂર થાય, હોસ્પિટલમાં કોઈ સુવિધાનો અભાવ કે ખૂટતી કડી હોય તો તેને પૂરવા માટે સમગ્ર હેલ્થ ટીમ સાથે અહીં આવ્યા છીએ. સૌરાષ્ટ્રની મોટા ભાગની હોસ્પિટલની રૂબરુ મુલાકાત લેવામાં આવી છે અને તે ઉપક્રમમાં હવે માત્ર મોરબી, સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લાની સરકારી હોપિટલની મુલાકાત લેવાની બાકી છે.અમદાવાદની વી.એસ. હોસ્પિટલના કથિત ક્લિનિકલ ટ્રાયલ ગેરરીતિ અંગે મંત્રીએ જણાવ્યું કે, આ ગેરરીતિના મીડિયા અહેવાલ બાદ ઉપયુક્ત ઘટનાની પ્રાથમિક તપાસના અહેવાલ પછી

વી.ઍસ.હોસ્પિટલના તબીબ ડો.રાણાને ટર્મિનેટ કરાયા છે અને અન્ય આઠ કરાર આધારિત તબીબોને બરતરફ કરાયા છે.તેમજ વધુ તપાસ બાદ દોષિતો સામે આગળના કાયદેસરના પગલા લેવામાં આવશે.વધુમાં મેડિકલ કોલેજમાં રેગિંગને અટકાવવા સંદર્ભે મંત્રીએ કહ્યું કે, દરેક સરકારી મેડિકલ કોલેજમાં એન્ટી રેગિંગ કમિટી કાર્યરત છે, વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય માટે પણ વિવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, છતાં કોઈ ઘટના રેગિંગની બને છે તો આવું કૃત્ય કરનારા સામે સખત કાર્યવાહી કરવામાં આવે છે.જી જી હોસ્પિટલમાં વ્યવસ્થાઓ સંદર્ભે મંત્રીએ કહ્યું કે, હાલ ટેમ્પરરી સ્ટ્રક્ચરમાં ઘડઉ ચાલી રહી છે જેથી જૂની જગ્યા એ ઝડપથી નવી ઈમારત બનાવી શકાય. કોઈ આકસ્મિક ઘટના ન બને તે માટે પૂરતી કાળજી લેવાઈ રહી છે. હાલ ૧૭૦૦ બેડની સુવિધા છે તે વધીને ૨૨૦૦ બેડની થશે. આગામી સમયમાં કેન્સર હોસ્પિટલ ઊભી કરવાની અને યુરોલોજી વિભાગ જે અહીં ખૂબ સારી રીતે ચાલે છે તેને પણ વિકસિત કરવાનું આયોજન છે.

આ મુલાકાત દરમિયાન તેઓની સાથે ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી,



અગ્રણી બીનાબેન કોઠારી, અર્બન હેલ્થ કમિશ્નર હર્ષદ પટેલ, રૂરલ હેલ્થ કમિશ્નર રતન ગઢવી, મેડીકલ એજ્યુકેશનના અધિક નિયામક રાઘવન દીક્ષિત, મેડીકલ સર્વિસીસના અધિક નિયામક ડો.તૃપ્તિબેન, પ્રાદેશિક ડેપ્યુટી ડાયરેક્ટર ડો.ચેતન મહેતા, અધિક નિવાસી કલેક્ટર બી.એન.ખેર, એમ.પી.શાહ મેડીકલ કોલેજના ડીન નંદિનીબેન દેસાઈ, જીજી હોસ્પીટલના તબીબી અધિક્ષક ડો.દીપક તિવારી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીની મુસ્કાન વેલ્ફેર સોસાયટી દ્વારા રાહદારીઓને કાચી કેરીના શરબતનું વિતરણ



આ કાલઝાળ ગર્મી, અગનગોળો બનતા શહેરો અત્ર, તત્ર, સર્વત્ર ઝાંઝવાના જળની જેમ અંગ દજાડતી લુ નું સામ્રાજ્ય અને તેમાં પણ બપોરના સમયે મુસાફરી કરવા નીકળી એસટી ડેપોમાં પરસેવેથી ન્હાતા મુસાફરો! આવા કપરા સમયમાં પણ સેવાભાવી સંસ્થાઓ દ્વારા છાસથી માંડી લોકોના તનમનને ટાઢક પહોંછે તેવા સેવાકાર્યો મોરબી સહીત અનેક શહેરોમાં કરવામાં આવતા હોય છે, ત્યારે મુસ્કાન વેલ્ફેર સોસાયટી મોરબી દ્વારા પણ મોરબીના નવા બસ સ્ટેશન ખાતે ગરમીમાં શેકાતા મુસાફરો માટે ખાસ તન, મનને ટાઢક આપવા સાથે સ્વાદિષ્ટ, આરોગ્યપ્રદ અને ઉર્જા પુરી પાડનારૂ કાચીકેરીનું સરબત સંસ્થાના સભ્યોએ જાતેજ બનાવ્યુ અને નવા બસ સ્ટેશન ખાતે જાતેજ વિતરણ કર્યું હતુ જેનો ૫૦૦ થી વધારે રાહદારીઓ અને મુસાફરોએ લાભ લીધો હતો અને જયારે સંસ્થાના મહિલા સભ્યોએ એક માનવસેવાનું વધુ એક કાર્ય કરી સંતોષ અનુભવ્યો હતો. સાથો સાથ સંસ્થાના સભ્યોએ આવનારા સમયમાં પણ અનેકવિધ સેવાકાર્યો કરવા સંકલ્પબદ્ધ હોવાનું સંસ્થાની યાદીમાં જણાવાયુ છે.

# જામકંડોરણા ઘટકની તમામ આંગણવાડી સખી અને સહ સખીની મોડ્યુલ તાલીમનું આયોજન કરવામા આવ્યું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

બીઆરસી ભવન જામકંડોરણા ખાતે સખી-સહસખી કિશોરીઓને નસ્રપૂર્ણા મોડ્યુલસ્રસ્રતાલીમ રાખવામાં આવેલ. જેમાં મહિલા બાળ સમિતિ ના ચેરમેન શ્રી કંચનબેન બગડા ની ઉપસ્થિત બાળ વિકાસ યોજમાં અધિકારી સોનલબેન વાળા, જિલ્લા ના પૂર્ણ કન્સલ્ટન માલતીબેન મૂળિયા ના તમામ સેજા ના સુરવાઈઝર મધવીબેન કવિ,જોશનાબેન નેનુજી,વિજયાબેન નદાનિયાં તેમજ પ્રી સ્કૂલ ઈન્સ્ક્ટર વંદના બેન અને વર્કર બહેનો ના સહયોગ દ્વારા તાલીમ નું આયોજન કરેલ જેમાં પુર્ણા યોજના ની જાણકારી આપવામાં આવી તેમજ પૂર્ણા શકિતના ઝઈછ પેકેટ વિશે,વાનગીઓ વિશે,માસિક ચક્ર,સ્વચ્છતા,દર માસે વજન ઉંચાઈ ને ઈખઈ વિશે તેમજ સમજ આપેલ.પુર્ણા કન્સલ્ટન્ટ દ્વારા કિશોરીઓને પુર્ણા યોજનાના



ઉદેશો અને તેના વધુ લાભો લેવા પ્રેરિત કરેલ.આઈ.ટી.આઈ ના અલગ અલગ કોર્ષ વિશે,સમતોલ આહાર વિશે, સ્વ નિર્ભર વિશે સમજ આપેલ, એનિમીયા,લીલા શાકભાજી નો ઉપયોગ વિશે સમજાવ્યુ,નાની ઉંમરે લગ્ન કરવાથી ને નાની ઉંમરે માતા બનાવાથી થતાં પ્રોબ્લેમ અંગે સમજાવ્યું પુર્ણા સખી સહસખી મોડ્યુલ ના તમામ મુદ્દાઓને આવરી લેવા આવેલ દરેક કિશોરીઓને ગીફ્ટ આપીને કિશોરીઓનો અભિપ્રાય લેવામાં આવેલ.કિશોરી આરોગ્ય વિભાગ ની ટીમ દ્વારા આરોગ્ય તાપસ કરવામાં આવી જેમાં ઍચ.બી. બીએમાઈ ની તાપસ કરવામાં આવેલ.

પૂર્ણા કેલેન્ડર ની જાણકારી આપવામાં આવી તેમજ આંગણવાડી દ્વારા મળતા વિવિધ લાભો ને સોશિયલ મીડિયા ના માધ્યમ દ્વારા વધુ પ્રસાર પ્રચાર કરવા માટે માહિતી આપેલ. પૂર્ણ કિશોરીને કૌશલ્યવર્ધક તાલીમ માટે આરસીટી સંસ્થા દ્વારા પગભર થવા માટેની તાલીમ ની માહિતી આપવામાં આવેલ.

# વાંકાનેરના રાતીદેવડી ગામે સરકારી શાળામાં સંસ્કૃત કક્ષનું ભવ્ય ઉદ્દઘાટન



વાંકાનેર તાલુકાના રાતીદેવડી ગામે આવેલી સરકારી શાળામાં સંસ્કૃત કક્ષનો શુભારંભ કરવામાં આવ્યો હતો. રાજ્યસભાના સાંસદ કેસરી દેવસિંહજીની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં સંસ્કૃત ભાષા પ્રત્યે પ્રેમ અને અભ્યાસને વધુ બળ પૂરું પાડવાનું સંકલ્પ લેવાયો હતો. વાંકાનેર તાલુકાના રાતીદેવડી ગામમાં શૈક્ષણિક અને સંસ્કૃતિક દૃષ્ટિએ મહત્વપૂર્ણ ઉદ્યમના રૂપમાં સંસ્કૃત કક્ષનું ઉદ્દઘાટન રવિવાર, ૧૯ એપ્રિલ ૨૦૨૫ ના રોજ ધામધૂમથી યોજાયું હતું. રાતીદેવડીની સરકારી શાળામાં યોજાયેલા આ પ્રસંગે સાંસદ કેસરીદેવસિંહજી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ જીલ્લા પ્રશાસન અને શિક્ષણ વિભાગના સહયોગથી તથા સંસ્કૃત ભારતી મોરબીના માર્ગદર્શનમાં યોજાયો હતો. કાર્યક્રમમાં સંસ્કૃત ભારતી વાંકાનેર સંયોજિકા ડો. પાયલબેન ભટ્ટે વિશેષ યોગદાન આપ્યું હતું. તેમણે તમામ આયોજનમાં આગવી ભૂમિકા ભજવી હતી અને શાળામાં સંસ્કૃત ભાષા પ્રત્યેની રુચિ વિકસાવવા માટે અથાગ પ્રયત્નો કર્યા હતા. ઉદ્દઘાટન પ્રસંગે મોરબી જનપદ સંસ્કૃત ભારતીના કાર્યકર્તાઓ તેમજ સ્થાનિક શિક્ષકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીના સાર્થક વિદ્યામંદિરમાં બાળકોને કીડીયારું પુરવા અંગે ટ્રેનિંગ અપાઈ

## સેવાકીય પરહિત કર્મ ગ્રુપના સહયોગથી ધોરણ ૮ના વિદ્યાર્થીઓને જીવદયા અંગે જાગૃત કરતી પ્રવૃતિ યોજાઈ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીની સાર્થક વિદ્યામંદિર સ્કૂલમાં ધોરણ ૮ ના વિદ્યાર્થીઓને જીવદયા અને અબોલ જીવોની સેવા વિશે જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્યથી કીડીયારું પુરવાની તાલીમ આપવામાં આવી હતી. પરહિત કર્મ ગ્રુપના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં બાળકોને નાળિયેરના ખોખામાં કીડીયારું તૈયાર કરવા અને તેને અલગ અલગ સ્થળે મૂકી નાના જીવોને ખોરાક મળી શકે એ અંતર્ગત માહિતી કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું. મોરબીના સાર્થક વિદ્યામંદિરમાં એક સુંદર અને સંવેદનશીલ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. સેવાકીય કાર્યમાં પરહિત કર્મ ગ્રુપના સહયોગથી ધોરણ ૮ ના



વિદ્યાર્થીઓ માટે કીડીયારું પુરવાની તાલીમ આપતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને અબોલ જીવદયાના મહત્વ વિશે સમજ આપવામાં આવી હતી. ટ્રેનિંગ દરમિયાન તેમને નાળિયેરના ખોખા દ્વારા કીડીયારું કેવી રીતે તૈયાર કરવું અને તેને વિવિધ વિસ્તારોમાં કેવી રીતે રાખવું તેની વિગતો સાથે જાણકારી આપી હતી.

અબોલ જીવો માટે અનાજ ભંડારા દ્વારા નાળિયેર માં કીડીયારું ભરીને અલગ અલગ જગ્યાએ રાખવાથી ઘણા નાના નાના જીવોને ખોરાક મળી શકે એ અંતર્ગત આ માહિતી કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો હેતુ, આપણી સંસ્કૃતિના વિવિધ મૂલ્યો પૈકી જીવદયાને જાળવી રાખતો ઉપક્રમ કીડીયારું પુરવું અને તેના દ્વારા અબોલ જીવોની સેવા એજ પ્રભુ સેવા.

# મોરબીના લાલપર નજીકથી માદક પદાર્થ પોશડોડાના જથ્થા સાથે એક ઈસમ ઝડપાયો

## એસ.ઓ.જી. ટીમે પકડાયેલ આરોપીના રહેણાંકમાંથી પણ પોશડોડાનો વધારાનો જથ્થો કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી તાલુકાના લાલપર ગામ નજીક એસ.ઓ.જી. ટીમે બાતમીના આધારે એક ઈસમને મોટર સાયકલ ઉપર માદક પદાર્થ પોશડોડાના જથ્થાની હેરાફેરી કરતા ઝડપી લીધો હતો, આરોપીની સઘન પુછપરછમાં તેના રહેણાંક મકાનમાંથી સંગ્રહ કરેલ વધુ જથ્થો કબ્જે લેવામાં આવ્યો હતો, આ સાથે ૩ કિલોથી વધુ માદક પદાર્થ પોશડોડા અને પોશડોડાનો પાવડરનો જથ્થો તથા મોટરસાયકલ સહિત કુલ રૂ. ૭૨,૭૦૦ ના મુદ્દામાલ કબ્જે લઈ એસઓજી પોલીસે આરોપી વિરુદ્ધ એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી.

મોરબી જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ નાર્કોટિક્સ મુદ્દે ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ ઝુંબેશ અંતર્ગત એસ.ઓ.જી. ટીમ કાર્યરત હોય ત્યારે એ.એસ.આઈ. મુકેશભાઈ વાલજીભાઈ તથા એ.એસ.આઈ. મદારસિંહ માલુભાને મળેલી ખાનગી બાતમી અનુસાર માધાભાઈ કારાભાઈ ટોયેટા ઉવ.૩૪ રહે. સૌમૈયા સોસાયટી, વાવડી રોડ, મોરબી, તેના ડિલક્ષ મોટરસાયકલ રજી.નં. જીજે-૩૬-એજી-૧૮૪૫ માં માદક પદાર્થ પોશડોડાનો જથ્થો લઈને મકનસરથી મોરબી તરફ આવી રહ્યો છે, જે બાતમી આધારે લાલપર ગામ પાસે આયકર વિભાગની કચેરી સામે એસઓજી ટીમ વોચમાં હોય તે દરમ્યાન ઉપરોક્ત માધાભાઈ મોટર સાયકલ લઈને નીકળતા તેને રોકી, તલાસી લેતા, મોટરસાયકલના હુકમાં પોશડોડાનો જથ્થો મળી આવ્યો હતો, વધુ પુછપરછમાં આરોપીએ પોતાના મકાનમાં પણ પોશડોડા જથ્થો સંગ્રહ કર્યો હોવાની કબૂલાત આપી હતી. જેથી પોલીસે તેના સૌમૈયા સોસાયટી સ્થિત મકાનમાં તપાસ કરતા ત્યાંથી પણ પોશડોડાનો જથ્થો મળી આવ્યો હતો, હાલ પોલીસે આરોપી પાસેથી પોશડોડાનો જથ્થો વજન ૩ કિલો ૧૯ ગ્રામ જેની કિ.રૂ.૯,૫૭૦/- તથા પોશડોડાના પાવડરનો જથ્થો વજન ૧ કિલો ૨૧૦ ગ્રામ જેની કિ.રૂ.૩૬૩૦/- તથા રોકડા રૂ.૪,૫૦૦/-, એક મોબાઈલ કિ.૫,૦૦૦/- તેમજ મોટર



સાયકલ સહિત કુલ રૂ.૭૨,૭૦૦/-નો મુદ્દામાલ કબ્જે લઈ આરોપી મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં એન ડી પી એસ એક્ટ હેઠળ ગુનો નોંધાવી ધોરણસર તપાસ હાથ ધરવામાં આવી છે.

# ગુજરાતી સ્લેબસે ચોટીલાની ઝૂંપડપટ્ટીના બાળકોને ભોજન પીરસ્યું : બાળકો થયા ગદગદિત





રામ-રહીમ ફાઉન્ડેશન ચોટીલા સંચાલિત નિમિત્ત માત્ર સેવા અભિયાન દ્વારા ચોટીલાની અલગ અલગ છ ઝૂંપડપટ્ટીમાં રહેતા પરિવારના નાના નાના બાળકોને અવાર નવાર નાસ્તો તેમજ ભોજન કરાવવામાં આવે છે. જે અંતર્ગત આજે સ્વ. કુંવરબેન રાજુભાઈ દેલવાડીયાની વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે ભૂંગળા બટેકાનું વિતરણ કરવામાં આવી રહ્યું હતું ત્યારે રામ-રહીમ ફાઉન્ડેશન ના પ્રમુખ મોહસીનખાન પઠાણના આમંત્રણને માન આપીને ગુજરાતના ખ્યાતનામ એક્ટર ભલા મોરી રામા સોંગથી ગુજરાતી મ્યુઝિક ઈન્ડસ્ટ્રીઝને એક નવી દિશા આપનાર અરવિંદ વેગડા, ભાવનગરના વતની અને અમદાવા રહેતા મનન દવે જેઓ ઈવેન્ટ અને પ્રોડક્શન મેનેજર છે તેમજ ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ સાથે ઘરોબો ધરાવે છે અને સાથે અમદાવાદ જિલ્લા ભાજપ સાંસ્કૃતિક સેલના સંયોજક રાકેશ પુજારા કે જેમને ૨૦૦ થી વધુ ગુજરાતી ફિલ્મમાં વિલનની ભૂમિકા ભજવી છે તેઓએ પોતાના હાથે બાળકોને ભોજન પીરસ્યું હતું, બાળકો પણ તેમના ચહિતા કલાકારોના હાથે ભોજન જમીને ઉત્સાહથી ઝૂમી ઉઠ્યા હતા અને અરવિંદ વેગડા સાથે તેમનું પ્રખ્યાત ગીત નસ્ત્રભલા મોરી રામાસ્ત્રસ્ત્ર ગાઈને આનંદ કર્યો હતો.

# જામનગર હાપા માર્કેટિગ યાર્ડ નજીક ગાર્બેજ કલેક્શનની ગાડીમાં આગ, ૭ ગાડી બળીને ખાક



જામનગર હાપા માર્કેટિગ યાર્ડ નજીક ગાર્બેજ કલેક્શનની ગાડીમાં આગ, ૭ ગાડી બળીને ખાક.જામનગર હાપા માર્કેટ યાર્ડ નજીક રાધિકા સ્કૂલ પાસે મહાનગરપાલિકાના કોન્ટ્રાક્ટર પાવર લાઇન એન્ડ સર્વિસના ડમ્પિંગ વાડામાં મોટી દુર્ઘટના સર્જાઈ હતી. ડોર-ટુ-ડોર કચરો એકત્ર કરતી ૯ ગાડીઓમાં અચાનક આગ લાગી હતી.ઘટનાની જાણ થતાં મહાનગરપાલિકાના ઝોનલ ઓફિસર દીપક પટેલે તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ફાયર બ્રિગેડની ટીમે સ્થળ પર પહોંચી એક ગાડી દ્વારા પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. આગ બુઝાવવાની કામગીરી અંદાજે દોઢ કલાક સુધી ચાલી હતી.સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી. પરંતુ કંપનીના સુપરવાઈઝરના જણાવ્યા મુજબ આગમાં અંદાજે ૩૦ લાખ રૂપિયાનું નુકસાન થયું છે. આગમાં સળગી ગયેલી તમામ ગાડીઓ છોટાહાથી પ્રકારની હતી, જેમાં GJ10TX2945, GJ10TX2759, GJ10TX2690, GJ10TX2542, GJ10TX2528, GJ10TX2687, GJ18AZ5382, GJ10TX2601 અને GJ18AZ5453 નંબરની ગાડીઓનો સમાવેશ થાય છે.

# માળીયા(મી) પોલીસની કાર્યવાહી:અણીયારી ટોલનાકા નજીક ટ્રકમાંથી ૭૬ બોટલ સાથે ચાલકની અટક

**મુખ્ય સમાચાર,મોરબી**

માળીયા(મી) પોલીસે પૂર્વ બાતમીને આધારે અણીયારી ટોલનાકા નજીકથી ટ્રકમાં ઈંગ્લીશ દારૂની ૭૬ બોટલો સાથે ટ્રક ચાલકની અટક કરવામાં આવી છે, જ્યારે એક આરોપી નાસી ગયો હતો, આ સાથે પોલીસે ટ્રક સહિત ૧૫.૫૬ નો મુદ્દામાલ કબ્જે લઈ આગળની તપાસ ચલાવી છે.

માળીયા(મી) પોલીસ મથકના પીઆઈ આર.સી.ગોહિલની રાહબરી હેઠળ હેડ કોન્સ. પૃથ્વીરાજસિંહ જાડેજા, કોન્સ. પ્રવિણસિંહ રાઠોડ તથા રાજેન્દ્રસિંહ સોલંકીને સંયુક્તરાહે મળેલ બાતમી હકીકત આધારે માળીયા(મી) તાલુકાના અણીયાળી ટોલનાકાથી ટાટા ટ્રક રજી.નં. આરજે-૩૦-જીએ-૯૩૬૯ માંથી ઈંગ્લીશ દારૂની અલગ-અલગ બ્રાન્ડની ૭૬ બોટલ કિં.રૂ.૫૬,૭૮૮/- તથા ઈંગ્લીશ દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લીધેલ ટ્રક કિં.રૂ.૧૫,૦૦,૦૦૦/- મળી કુલ



કિં.રૂ.૧૫,૫૬,૭૮૮/- ના મુદ્દામાલ સાથે ટ્રક ચાલક આરોપી ગોપાલસિંગ છોગસિંહ રાવત ઉવ.૪૩ રહે.રાજવા ધોરા તા.બ્યાવર જી.રાજસમંદ રાજસ્થાન વાની અટક કરવામાં આવી હતી, જ્યારે અન્ય એક આરોપી બહાદુરસિંહ મોહનસિંહ રાવત રહે. રાજવા જી.રાજસમંદ રાજસ્થાન વાળો પોલીસને જોઈને નાસી જતા તે આરોપીને ફરાર દર્શાવી માળીયા(મી) પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં એસ.ઓ.જી પોલીસની ઓળખ આપી નકલી પોલીસે એક વેપારી પાસેથી ૧.૫૭ લાખ પડાવી લીધા

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર શહેરમાં નકલી પોલીસ અંગેનો વધુ એક ગુનો પોલીસ મથક સુધી પહોંચ્યો છે. જામનગરના નવી વાસ વિસ્તારમાં રહેતા કટલેરીના એક વેપારીને એસ.ઓ.જી.ના રાઈટર તરીકેની ખોટી ઓળખ આપી એક શખ્સે તેની પાસેથી કટકે કટકે એક લાખ સતાવન હજારની રકમ પડાવી લીધા હોવા ની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે.કટલેરીના વેપારીના મામા નારકોટિકના કેસમાં જેલમાં હોવાથી તેમાં તેનું નામ નહીં ખોલાવવા માટે પૈસા માંગ્યા હોવાનું પોલીસમાં જાહેર થયું છે. જે મામલે દરબારગઢ પોલીસ ચોકી નો સ્ટાફ વધુ તપાસ ચલાવી રહ્યો છે.આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે.કે જામનગરમાં નવી વાસ વિસ્તારમાં રહેતા અને કટલેરીનો વેપાર કરતાં મોહમ્મદ રિયાન.

ઈમ્તિયાઝભાઈ શેખ નામના ૧૯ વર્ષના યુવાને પોતાની સાથે જામનગર એસ.ઓ.જી. અધિકારીના રાઈટર તરીકેની ખોટી ઓળખ આપી પોતાની પાસેથી કટકે કટકે ૧,૫૭. લાખની રોકડ રકમ પડાવી લેવા અંગે મોબાઈલ નંબર.૯૮૭૫૨૧૮૭૮૭ સામે ફરિયાદ નોંધાવી છે.પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરી/યાદી યુવાન મોહમ્મદભાઈ શેખના મામા કે જેઓ છેલ્લા ૧૦ માસથી એક અંગેના કેસમાં જામનગરની જિલ્લા જેલમાં છે.

જેને જેલમાં જઈને મદદ કરવા અંગે તેમ જ પોતાના મામા સાથે આ કેસમાં સંડોવાયેલા છે, અને તેમાં તેનું નામ કઢાવી નાખવા અંગે અજાણ્યા શખ્સ દ્વારા ફરિયાદી પાસે પૈસાની માંગણી કરાઈ હતી.ફરિયાદી વેપારી યુવાનનું પોતાના મામા સામેના કેસમાં નામ નહીં જોડવા અંગે ગુગલ પે મારફતે કટકે કટકે પૈસા માંગ્યા હતા .જે રકમ આપી દીધા



પછી પણ હજુ પૈસાની માંગણી કરાતા આખરે મોહમ્મદ રિયાને જામનગરના સીટી એ. ડિવિઝન પોલીસ મથકના સંપર્ક સાધ્યો હતો, અને ઉપરોક્ત મોબાઈલ નંબરના ધારક સામે ફરિયાદ નોંધાવી હતી,ય જે ફરિયાદના અનુસંધાને દરબારગઢ પોલીસ ચોકીના પી.એસ.આઈ.ડી.જીમજ રામાનુજ તેમ જ ભવ્યદીપસિંહ પરમાર વગેરે ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે, અને આરોપીના મોબાઈલ નંબરના આધારે તેને શોધી કાઢવા માટેની કવાયત હાથ ધરી છે.

